મૂર્ખ માનવી હંમેશાં ઘાંટા પાડીને બોલે છે નહીં તો એને કોઇ સાંભળે જ નહીં
- ગ્લેડસ્ટન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૧ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૨, સોમવાર; અધિક ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૩૦૦ કરોડ બેંક ડીપોઝીટ ઘટી

## ક્રેડીટ-ડીપોઝીટ રેસિયામાં એક ટકાનો વધારો : શેર બજારમાં સતત ચઢાવ-ઉતાર અને બેંક વ્યાજદરમાં થયેલા ફેરફાર કારણભૂત ગણાય છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦ કરોડ જેટલો ડિપોઝીટોમાં ઘટાડો થયા પછી પણ બેંકિંગ ક્ષેત્રમાં ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં એક ટકાથી પણ વધુની વૃદ્ધિ નોંધાતા બેંકિંગ જગતમાં સંતોષની લાગણી પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૨-૧૩ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમ્યાન બેંકોની ડિપોઝીટમાં રૂ. ૩૦૦ કરોડ જેટલો ઘટાડો નોંધાયો હોવાની વાતને લઈ ચોતરફ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી. પરંતુ ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૧ ટકાથી પણ વધુનો વૃદ્ધિ દર જોવા મળતાં બેંકિંગ ક્ષેત્રે હાંશકારો અનુભવ્યો છે.

ડિપોઝીટમાં નોંધાયેલો ઘટાડો ચિંતાજનક જરૂર હોવાનું અર્થકારણ સાથે સંકલાયેલા લોકોનું માનવું છે. પરંતુ લગ્નસરાની સિઝન તેમજ ચોમાસાને લઈ કૃષિક્ષેત્રમાં તૈયારીઓ જેવા કારણો જવાબદાર હોવાનું આ નિષ્ણાતો માની રહ્યા છે. આ ઉપરાંત શેરબજારમાં પણ સતત ચડાવ-ઉતાર અને બેંકના વ્યાજદરોમાં થયેલા ફેરફારો પણ કારણભૂત હોવાનું આ આગેવાનો માની રહ્યા છે.

બીજી તરફ બેંકિંગ ક્ષેત્રના સૂત્રોનું કહેવું છે કે ધિરાણમાં ખાસ કરીને કૃષિક્ષેત્રના ધિરાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત ખાનગી ક્ષેત્ર અને અન્ય ધિરાણોમાં પણ લગભગ સરેરાશ જળવાઈ રહી છે. ડિપોઝીટમાં ઘટાડો સ્વાભાવિક હોવાનું જણાવતાં આ સૂત્રો કહી રહ્યા છે કે પ્રથમ ત્રિમાસિક ગાળામાં સામાન્યતઃ આવું રહેતુ હોય છે તેમજ ખાસ કરીને બાળકો પણ ઉચ્ચ અભ્યાસમાં જતા હોવાને કારણે વાલીઓ રોકાણમાં ઓછો રસ દાખવતા હોય તે સ્વાભાવિક છે.

આ સૂત્રોનું કહેવું છે કે ઓગષ્ટ પછી લોકો રોકાણ માટે આગળ આવતા હોય છે. ખાસ કરીને પર્વો અને ઉત્સવોના માહોલ બાદ જ રોકાણોમાં સારી એવી તેજી સરેરાશ જોવા મળે છે.

મળતી વિગતો પ્રમાણે બેંકોના ડિપોઝીટ પરના વ્યાજદરના નજીવા ફેરફારો જરૂર થયા છે પણ તેને લઈ ડિપોઝીટ ઘટી હોવાની દલીલ ગળે ઉતરતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં બે મહત્વના અભિયાન આ સપ્તાહમાં આરંભાશે

## ઓરી વિરોધી રસીકરણ અને પશુધન વસ્તીગણતરી અભિયાનને લઈ સમગ્ર તંત્રનું ધ્યાન આયોજન પર વ્યસ્ત : ૧.૯૦ હજાર બાળકોને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

આગામી ૧૧ સપ્ટેમ્બરથી ઓરી વિરોધી રસીકરણ અભિયાન અને ૧૫ સપ્ટેમ્બરથી ૧૯મી પશુધન ગણતરી અભિયાનના મહત્વના કાર્યક્રમો હાથ ધરાતા હોઈ સમગ્ર જિલ્લાતંત્રએ તેના પર તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

૧૧મી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલ ઓરી વિરોધી રસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના ૧.૯૦ હજાર બાળકોને આવરી લેવામાં આવશે. આ માટે ૧૭૦ જેટલી ટીમોનું ગઠન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

૦ થી ૧૦ વર્ષની આયુ ધરાવતા તમામ બાળકોને આવરી લેતુ આરોગ્ય વિભાગનું આ મહત્વનું અભિયાન છે. આ માટે જિલ્લામાં રચાયેલ ટાસ્કફોર્સની એક મહત્વની સમીક્ષા બેઠક પણ સોમવારે જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી છે.

આ રસીકરણ અભિયાનમાં બાળકને નિમંત્રણ કાર્ડ આપી રસી લેવા માટેનું સ્થળ દર્શાવવામાં આવશે તેમજ તેના રસીકરણ બાદ ડાબા હાથની ટચલી આંગણી પર અવિલોપ્ય શાહીથી ખાસ નિશાની પણ કરવામાં આવશે. આ માટે જરૂરી રસીનો જથ્થો આવી પહોંચ્યાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે.

તો આજ સપ્તાહમાં ૧૫ સપ્ટેમ્બરથી જિલ્લામાં ૧૯મી પશુધન ગણતરીનો પણ પ્રારંભ થઈ રહ્યો છે.

જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. બી.કે. પટેલ અને જિલ્લા આંકડા અધિકારી શ્રી વેદીના જણાવ્યાનુસાર જિલ્લાના ચારેય તાલુકામાં પશુધન ગણતરી માટે ૩૫૦ જેટલા ગણતરીદારોની નિમણુંક કરી દેવામાં આવી છે. આ ગણતરીદારોને તાલીમ આપવાની કામગીરી ચાલી રહી છે. તેમણે જણાવ્યું કે દહેગામ અને કલોલમાં તાલીમ અપાઈ ચુકી છે જ્યારે ગાંધીનગર અને માણસાના ગણતરીદારોને આગામી ત્રણ દિવસમાં આ તાલીમ આપી દેવામાં આવશે.

આ અધિકારીઓએ જણાવ્યું હતુ કે આ વખતે પશુધન ગણતરીમાં પશુની ગણતરી બ્રીડવાર નહિ પણ જાતિવાર કરવામાં આવશે. એક ગણતરીદાર દ્વારા ૧૫૦૦ જેટલા ઘરોને આવરી લેવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે પશુધન ગણતરીની કામગીરી એક મહિના સુધી ચાલશે અને ત્યારબાદ તેનો અહેવાલ તૈયાર કરી ભારત સરકારને મોકલવામાં આવશે.

૧૮મી પશુધન ગણતરી દરમ્યાન જિલ્લામાં થયેલી સારી કામગીરીની નોંધ રાજ્યકક્ષાએ પણ લેવાઈ હતી જે ઉલ્લેખનીય છે.



છેલ્લા પાંચ દિવસથી ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદના ઝાપટા પડી રહ્યા છે.... જમીનમાં પાણી ઉતરી રહ્યું છે... જમીન પોચી થઈ રહી છે... અને તેના કારણે ખખડધજ વૃક્ષો પડી રહ્યા છે... સેક્ટર-૧૨ માં પણ આવું જ એક વૃક્ષ વરસાદી ઝાપટા અને પવનને કારણે જમીનદોસ્ત થઈને પડી ગયું હતું. (તસવીર : દિપક જાની)

